જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૨/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૪૫ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી, રૂપિયા ૨૭,૫૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧૬ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૮૪/૧૭

**વસ્ત્રાપુર** : રૂપેશભાઇ પ્રભુદયાલ ક્ષત્રીય (ઉ.વ.૩૯)(રહે.વૈષ્ણોદેવી કોમ્પ્લેક્ષ ચાંદખેડા બસ સ્ટેન્ડની બાજુમાં હાઈવે મોલની સામે ચાંદખેડા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની કંપનીમાં આરોપી નીતીનભાઈ રાજેશભાઈ ગુપ્તાએ ડીસેમ્બર/૨૦૧૫ થી ઓગસ્ટ/૨૦૧૬ દરમ્યાનમાં નોકરી કરી, રૂપેશભાઇની કંપનીમાં એચ.આર.મેનેજર તરીકે નવા કર્મચારીઓનું રીક્રુટ્મેન્ટ કરવાને બદલે, રૂપેશભાઇ naukri.com વેબસાઈટના પેઈડ મેમ્બર હોવાથી આ વેબસાઈટ પરથી નવા કર્મચારીઓનો બાયોડેટા જોઈ, કર્મચારીઓની પસંદ કરી, રિક્રુટમેન્ટ કન્સલટ્ન્ટ પ્રિઝાલ કન્સલ્ટીગ કંપનીને આપી, પ્રિઝલ કન્સલટન્ટ સાથે મળી ગુનાહીત કાવતરુ રચી કંપની સાથે વિશ્વાસઘાત કરી, પ્રિઝલ કન્સલટન્ટને રૂપિયા ૨,૧૨,૪૧૫/- ચુકવણી કરાવી તેમજ રૂપિયા ૧,૨૦,૭૮૪/- ચુકવવાના બાકી રાખી, કુલ રૂપિયા ૩,૩૩,૧૯૯/- નું નુકસાન કરી, રૂપેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી **છે.** આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભાવેશભાઈ ગીરીશભાઈ ચલાવે છે.

**દરીયાપુર** : સાબિરહુસેન ગુલામમયુદ્દીન સૈયદ (ઉ.વ.૫૮)(રહે.મોટી અલીની પોળ દરીયાપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૧૪ થી તા.૦૯/૧૨/૨૦૧૪ સુધી તથા તા.૨૭/૦૧/૨૦૧૭ થી તા.૦૧/૦૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) શ્રીવાસ્તવ (૨) રોહિત ચતુર્વેદી (૩) આહુજા તથા (૪) આશિષ ત્રિપાઠી (રહે.નોઇડા ઉત્તરપ્રદેશ) ભેગામળી સાબિરહુસેન નાઓને લોભામણી લાલચ આપેલ અને પોલીસી લેવાનું તેમજ લાંબા ગાળે તમારે રિટાયર લાઇફમાં ફાયદો થશે તેમજ પેંશન અપાવવાની અને મોટો ફાયદો થશે તેમ જણાવતા, સાબિરહુસેને તેમની વાતોમાં આવી જઇ, સાબિરભાઇનાં અલગ-અલગ બેંકનાં એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૭,૫૬,૬૬૮/- ઉપાડી લઇ જઇ, સાબિરહુસેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી **છે.** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એસ.સિધવ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રખિયાલ** : ગૌરવકુમાર વિષંભરનાથ મિત્તલ (ઉ.વ.૩૮)(રહે.લોહીયાતાર બ્લેકબાર આગ્રા ઉત્તરપ્રદેશ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૧૬ બપોરના ૧/૦૦ થી તા.૧૩/૧૦/૧૬ બપોરના ૨/૦૦ દરમ્યાન રખિયાલ કડીવાલા એસ્ટેટ, કેવલકાંટા પાસે આરોપી (૧)જીગ્નેશ કનુભાઇ ઠાકોર (રહે.જીવણપાર્ક સોસાયટી, ઘોડાસર) (૨) જગદીશ તિવારી (૩) નક્કુ તિવારી (બંને રહે,કડીવાલા એસ્ટેટ, કેવલકાંટા પાસે, રખિયાલ) ભેગામળી ગૌરવકુમાર પાસેથી રોકડા રૂપીયા ૨,૦૦,૦૦૦/- લઇ વેસ્ટ પેપર આપવાની વાત કરી, ગૌરવકુમારને કોઇ વેસ્ટ પેપર ન આપી તેમજ આપેલા રોકડા રૂપીયા પણ પાછા નહીં આપી, ગૌરવકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

<u>**લુંટ :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૮૫/૧૭**</u>

**કૃષ્ણનગર** : મેહુલભાઇ સુરેશભાઈ પટેલ (રહે,મયુરપાર્ક ભગવતી સ્કુલ પાસે બાપુનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૨/૧૭ રાતના ૯/૪૫ વાગ્યાનાં સુમારે મધુર હોટલ આગળ સર્વીસ રોડ ઉપર પોતાનું એક્ટીવા ચલાવી પસાર થતાં હતા ત્યારે બે અજાણ્યા ઇસમો (૨૦ થી ૨૫ વર્ષનાં આશરાના) ભેગામળી મેહુલભાઇને જણાવેલ કે “મારી બેનને ફોન કેમ કરે છે?” તેમ કહી છરી બતાવી, મેહુલભાઇનાં ગળામાં પહેરેલ બગસરાનો દોરો કિંમત રૂપિયા ૧૫૦/-, સેમસંગ એ-૫ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૪,૮૦૦/- મળી કુલ રૂપીયા ૨૪,૯૫૦/- મત્તાની લૂંટ કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

<u>**ચોરી :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૮૬/૧૭**</u>

**શાહીબાગ** : અનુરાધા જગન્નાથ સોરડીયા (રહે,લક્ષ્મીનગર સોસાયટી, બાલકૃષ્ણ પાસે, રાણીપ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૨/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાનાં સુમારે પોતાની સીમા જવેલર્સ નામની દુકાનમાં ઘરેણાની ખરીદી કરવા આવેલ કોઇ અજાણી વ્યક્તિ સોકેસ પર મુકેલ કોફી-કાળા રંગનું પર્સ કે જેમાં રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- અને અન્ય ડોકયુમેન્ટ હતા તે ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જ્યેન્દ્રભાઇ નટવરલાલ ચલાવે છે.

<u>**વાહન અકસ્માતમાં મૃત્યુ :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૮૭/૧૭**</u>

**સરખેજ** : હાર્દીકભાઇ પંકજભાઇ મકવાણા (ઉ.વ.૨૦)(રહે,નેતલદેવ પાર્ક સોસાયટી, દુર્ગા સ્કુલની બાજુમાં ઘાટલોડીયા) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૨/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાનાં સુમારે ઇસ્કોનથી સરખેજ સાણંદ સર્કલ તરફ જતા રોડ ઉપર આવેલ ફોર્ડ ગાડીનાં શો-રૂમ સામે રોડ ઉપરથી હાર્દીકભાઇનાં પીતા પંકજભાઇ ગણેશભાઇ મકવાણા (ઉ.વ.૪૩) ચાલતા પસાર થતાં હતા દરમ્યાન એક ફોરવ્હીલ કાર નંબર જીજેઓ-આર.એમ.-૫૪૧૧ નાં ચાલકે પોતાનાં કબ્જાની કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી પંકજભાઇને ટકકર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતાં પંકજભાઇનું ઘટના સ્થળે મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.ધાધલ્યા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૮૮/૧૭**

**શહેરકોટડા** : ઉર્મિલાબેન વા/ઓ ભરતભાઇ વાઘેશ્વરી (ઉ.વ.૪૦) (રહે,બોમ્બે હાઉસિંગ સોસાયટી નુતનમીલ ચાર રસ્તા પાસે, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૯/૨/૧૭ નાં કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે ઓઢણી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હમીરભાઇ અળશીભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)